# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika


વર્ષ : ૧૮ 
અંક : ૬

૨૦૨૪ : જૂન
માસિક : રૂ. ૫/-



**: તંત્રી :**

**શ્રી જગતભાઈ એચ. દવે**

૨, સરદાર પટેલ સોસાયટી, કરમસદ રોડ,

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦. (મો.) ૯૯૨૫૯૪૬૬૦૪



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## સુજ્ઞ જ્ઞાતિજનો તથા બાજખેડાવાળ પત્રિકાના આજીવન સભ્યો

જય ભારત સાથે જણાવવાનું કે બાજખેડાવાળ પત્રિકામાં અગાઉ જન્માક્ષરો ખૂબ જ પ્રમાણમાં આવતા હતા પરંતુ હાલ ઘણા બધા માધ્યમો જેવા કે, વ્હોટસએપ, ફેસબુક, મેરેજ કોન્ફરન્સ ચાલુ થયા હોવાને કારણે દિવસે દિવસે સંખ્યામાં ઘટાડો થતો જાય છે તથા ગામે ગામની પ્રવૃત્તિના જે અહેવાલ છપાતા હતા તે પણ હવે નહીવત થઈ ગયા છે જેને કારણે દરેક ગામે પોતાના વ્હોટસએપ ગ્રુપ બનાવેલ છે જે પ્રચાર પ્રસારનું માધ્યમ બનેલ છે. આપણે છેલ્લા ૬-૮ મહિનાથી પત્રિકાના અડધા પેજ છાપીને પ્રસિદ્ધ કરવાના પ્રયત્નોમાં હતા. આમ છતાં ૧૬ પેજની મેટર પૂરી પડતી નથી આવા સંજોગોમાં પત્રિકા બંધ કરવાની પણ ફરજ પડે. પરંતુ આપ સૌને પત્રિકા તો પહોંચાડવી જ છે. તેવા સંજોગોમાં નીચે મુજબની વિગતથી મોકલેલ માહિતીને સ્કેન કરી આપશ્રી પત્રિકાના વ્હોટસ અપ માધ્યમમાં જોડાઈ શકો છો.

**બાજખેડાવાળ પત્રિકા માટે**

**BAJKHEDAWAL PATRIKA2**

WhatsApp group

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાનું ૩૪મું રાષ્ટ્રીય અધિવેશન, તા. ૩૧-૧૨-૨૦૨૩ના રોજ નડિયાદ મુકામે યોજાઈ ગયું. આ અધિવેશનમાં આગામી ૩૫મું રાષ્ટ્રીય અધિવેશન અમદાવાદ મુકામે યોજવાનું નક્કી કરવામાં આવેલ. જ્ઞાતિજનોના ઉત્સાહ અને આવકારને ધ્યાનમાં રાખી ૩૫મું રાષ્ટ્રીય અધિવેશન તા. ૨૯-૧૨-૨૦૨૪ના રોજ અમદાવાદ મુકામે રાખવું એમ ઠરાવવામાં આવેલ. અમદાવાદની આપણી વસ્તીને ધ્યાનમાં રાખી કોઈ સારો મોટો હોલ આપણને મલે તેવા પ્રયત્નો આદરવામાં આવેલ. પરંતુ કોર્પોરેશનોના નિયમોને ધ્યાનમાં રાખી હોલ આપણે નિયત સમય પહેલા બુક કરી શકીયે તેવી પરિસ્થિતિમાં નહોતો આપણા સમાજના અને અધિવેશનના કો-ઓર્ડીનેટર શ્રી અમુલભાઈ ભટ્ટને આ બુકીંગ અંગે વ્યવસ્થા કરવાની જવાબદારી સોંપવામાં આવેલ જેના અનુસંધાનમાં તા. ૧-૬-૨૦૨૪ના રોજ ખુબ જ વિશાળ જગ્યા ધરાવતો તેમ જ અંદાજિત ૧૨૦૦ વ્યક્તિઓ બેસી શકે તેવો વિશાળ હોલ આપણને પ્રાપ્ત થયો છે. જે હોલ મણીનગરમાં વસતા જ્ઞાતિજનો માટે તથા અમદાવાદ સિવાય બહારથી આવતા જ્ઞાતિજનો માટે ખૂબ જ નજીક પડે તેવી રીતે સુપેરે આયોજન કરવામાં આવેલ છે.

૩૫મું રાષ્ટ્રીય અધિવેશન, તા. ૨૯-૧૨-૨૦૨૪ને રવિવાર, સ્થળ - ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી ઓડીટોરીયમ - વસ્ત્રાલ, અમદાવાદ મુકામે સૌના સાથ અને સહકારથી ૩૪માં રાષ્ટ્રીય અધિવેશનના દિવસે જ ૬૦૦ પાસની વિતરણ વ્યવસ્થા ગોઠવાઈ ગયેલ હતી જેનું પેમેન્ટ પણ આવી ગયેલ છે. જ્ઞાતિજનોના સહકારથી કદાચ વધુ પાસની જરૂર પડે તો તે અંગેની વ્યવસ્થા પણ અમે કરીશું. જેની નોંધ લઈ આપના પાસ મેળવી લેશો.

સંસ્થા દ્વારા બહુજન હિતાય, બહુજન સુખાય ના શુભ ઉદ્દેશથી અધિવેશન પાસની કિંમત માત્ર રૂ. ૧૦૦/- રાખેલ છે. જેમાં સવારનો નાસ્તો, બપોરનું ભોજન, બપોરની હાઈટી, ઓડીટોરીયમ રૂમ, મ્યુઝીકલ ઓરકોસ્ટ્રા જેવા ખર્ચાઓ થતાં હોય છે જેના અંદાજિત ખર્ચ પ્રત્યેક વ્યક્તિ દીઠ રૂ. ૬૦૦/- સુધી પહોંચતો હોય છે. આ ખર્ચને પહોંચી વળવા છેલ્લાં ૧૮ વર્ષથી ભામાશા રૂપી જ્ઞાતિજનો સંસ્થાના આ ભગીરથ કાર્યમાં સતત મદદરૂપ થતાં આવ્યા છે અને મદદરૂપ થશે તેમાં શંકાને સ્થાન નથી. અધિવેશનના આયોજન કરી કુલ આવકમાંથી ખર્ચના બાદ કરતાં વધેલી રકમ હિતવર્ધક સભાના વિશિષ્ટ સહાય ફંડમાં લઈ જવામાં આવતી હોય છે જ્ઞાતિ સમાજની વિધવા તથા ત્યક્તા જરૂરિયાતમંદ ૫૬ બહેનોનો વાર્ષિક રૂ. ૨૪૦૦૦/-ની રકમ પ્રત્યેક બહેનો દીઠ મળી કુલ રૂ. ૧૩,૪૪,૦૦૦/- જેવી માતબર રકમની મદદ કરવામાં આવે છે. ૨૦૦૪માં આ રકમ રૂ. ૩૦/- આપવામાં આવતી હતી. આ રકમ વધારવામાં ૨૦૦૪ બાદ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટીશ્રીઓ, પ્રમુખશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ દ્વારા અવિરત અધિવેશનો યોજી અવિરત ફંડ ભેગું કરી તા. ૩૧-૦૩-૨૦૨૪ના રોજ રૂ. ૨,૧૬,૮૧.૬૭૩/- ભેગા કર્યા છે. રૂ. ૨૦૦૦નું ટારગેટ

૨૦૦૪માં મુકવામાં આવેલું પણ આજની આ અસહ્ય મોંઘવારીમાં રૂ. ૨૦૦૦/– સહાય ઓછી કહેવાય એવું અમારા સૌનું માનવું છે આવા સંજોગોમાં વહેલી તકે આપણે આ રકમ રૂ. ૩૦૦૦/– સુધી પહોંચાડવા માટેના ભગીરથ પ્રયત્નો કરવા રહ્યા.

**મને આ સમયે આપને જણાવતા આનંદ થાય છે કે સતત જાગૃત વહિવટદારો દ્વારા વ્યાજનો દરો ઘટતાં હોવા છતાં આવકમાં વધારો કરવા તથા વ્યાજમાં વધારો કરવાના સતત પ્રયત્નોમાં છે અને રહેશો જેની ખાત્રી આપીએ છીએ.**

આ તબક્કે જ્ઞાતિજનોની પણ નમ્ર ફરજ બને છે કે ટીપે ટીપે સરોવર ભરાય તેમ આપ સૌ પણ આપના દ્વારા રૂ. ૧૦૦/–થી માંડી આપની શક્તિ મુજબ સહાય કરી શકો છો. શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાને અપાતી રકમ ઈન્કમટેક્ષમાં ૮૦–જી હેઠળ બાદ મળતી હોય છે. (પાન કાર્ડ, આધાર કાર્ડ ડેનોશન સાથે આપવાથી)

કોરોના જેવા કપરા કાળમાંથી આપણે સૌ આર્થિક તથા માનસિક તેમજ શારિરીક રીતે પસાર થઈ ફરીથી સ્વસ્થ હૃદય અને મન સાથે કાર્યરત છીએ આવા સંજોગોમાં સમાજના પ્રતિનીધી તરીકે મારી અપિલ તો હોય જ પરંતુ આપણી પોતાની જ્ઞાતિ સમાજની ફરજ સમજી દાનનો પ્રવાહ વહેવડાવશો તેવી સંસ્થા વતી અમારા સૌની નમ્ર વિનંતી છે.

અધિવેશનના પાસ ગામે ગામના મંડળોને પહોંચાડવામાં આવેલ છે. આણંદ, નડીયાદ અને વસો ૨ + ૨ + ૧ એમ કુલ ૫ બસમાં ટ્રાન્સપોર્ટ સમાજ ભોગવી અધિવેશનમાં જ્ઞાતિજનોને લાવવાનો પ્રયત્ન કર્યો છે. આ સમાજના હોદ્દેદારો અભિનંદનને પાત્ર છે. વહેલામાં વહેલી તકે પાસ વિતરણ પતી જાય તે પહેલા આપશ્રી આપનો પાસ મેળવી આનંદમાં સહભાગી થશો.

અમારા દ્વારા આ જે કોઈ માહિતી આપના સમક્ષ રજૂ કરવામાં આવી છે તે સમાજ વડે, સમાજ માટે, સમાજ થકી, જ્ઞાતિ સમાજની વિધવા ત્યક્તા બહેનોને મદદ કરવા માટેનો આ એક નમ્ર પ્રયાસ છે.

ખાસ નોંધ : શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પત્રિકાના માધ્યમથી ગામે ગામ આજીવન સભ્ય નોંધી, ગામે ગામ આવેલ સમાચારો, જન્માક્ષરો, વિશિષ્ટ સહાય ફંડ, ગામે ગામની પ્રવૃત્તિઓ છાપવામાં આવતી હતી. (પ્રસિદ્ધ કરવામાં આવતી હતી) છેલ્લા ઘણાં સમયથી વ્હોટએપ માધ્યમ દ્વારા આ બધી પ્રવૃત્તિઓનો પ્રચાર પ્રસાર ગામે ગામે થતો થઈ ગયો છે અવાર–નવાર મેરેજ કોન્ફરન્સો યોજાય છે સાથે સાથે ગામે ગામે થતી પ્રવૃત્તિઓમાં પણ ઓટ આવેલ છે. જેથી કરીને પત્રિકા ૩૨ + ૪ પેજ છપાતી હતી તેના બદલે ૧૬ + ૪ પેજનો પ્રયત્ન કરવામાં આવેલ છે. વર્ષમાં ઘણી વખત એવી પણ સમય આવે છે કે પત્રિકાના ૧૬ પેજ પુરા થતા નથી. ત્યારે જ્ઞાતિ સમાજના મદદરૂપ થાય તેવા લેખો મુકી પત્રિકાને પૂર્ણ કરવામાં આવે છે. આવા સંજોગોમાં પત્રિકાના નવા સભ્યો બનાવવાનું છેલ્લા ૧ મહિનાથી બંધ કરેલ છે. સાથે સાથે આપને પત્રિકા વ્હોટએપ માધ્યમથી મળે તેવા પ્રયત્નો છેલ્લા ૧૫ મહિનાથી થાય છે.

ભૂતકાળમાં પત્રિકા મળતી નથી, પત્રિકા મોડી મળે છે એવી ફરિયાદ ગામે ગામના આજીવન સભ્યો દ્વારા આવતી હતી. આ બધી પરિસ્થિતિ ટાળવા અને નિયમિત પત્રિકા આપના સુધી પહોંચાડવાનો નમ્ર પ્રયાસ વ્હોટએપ માધ્યમ દ્વારા કરવામાં આવી રહ્યો છે જેની ખાસ

નોંધ લેશો. પત્રિકા કોઈપણ સંજોગોમાં બંધ થવાની નથી પત્રિકા પહોંચાડવાનું માધ્યમ માત્ર બદલાય તેવા પ્રયત્નો થાય આજની તારીખમાં પત્રિકામાં જન્માક્ષર આપવા માટે અડધા પેજના રૂ. ૫૦૦/– તથા આખા પેજના રૂ. ૮૦૦/– લઈએ છીએ તેમાં પણ અમારો પ્રયત્ન છે કે લગ્નોઉત્સુક યુવક–યુવતીઓના વાલીઓને આર્થિક બોઝ ઓછો થાય તે માટેના પ્રયત્નોના ભાગ રૂપે વ્હોટએપ પત્રિકામાં ભવિષ્યમાં વિનામૂલ્યે જન્માક્ષર પણ અમે છાપીશું. આ અમારા પ્રયત્નો સૌને ઓછામાં ઓછી તકલીફો પડે, સમયસર માહિતી મળે તે માટેના છે અને રહેશે. સાથે સાથે ગામે ગામના પ્રમુખોને આ પત્રિકામાં જોડાવામાં માટેના સ્કેનરો ૬ માસ પહેલા મોકલી આપવામાં આવ્યા છે અથવા આ માહિતીની નીચે સ્કેનર મુકેલું છે તેમાં જોડાઈ આપ જ્ઞાતિસમાજની તમામ માહિતીથી વાકેફ રહો અને લોકોને વાકેફ કરો તેવી નમ્ર વિનંતી છે એક ઘરમાં જેટલા મોબાઈલ હોય તેટલા બધા જ જોડાય તો તેનાથી અનેરો બીજો કોઈ આનંદ ના હોય.

આભાર સહ...

BAJKHEDAWAL PATRIKA2

WhatsApp group

**કિરીટકુમાર એમ. દવે**
**પ્રમુખ**

**સમીરભાઈ દવે**
**મંત્રી**

**સર્વ ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ**

**સુજ્ઞ જ્ઞાતિજનો,**

જય ભારત સાથે જણાવવાનું કે, આપણી જ્ઞાતિ સમાજની ત્રણ માતૃસંસ્થાઓ હાલમાં કાર્યરત છે. (૧) શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા – અમદાવાદ (૨) શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. – અમદાવાદ (૩) શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી – વલ્લભ વિદ્યાનગર આ દરેક સંસ્થાની પ્રવૃત્તિઓ મહદ્ અંશે અલગ અલગ છે. સંસ્થાના બંધારણો, નીતિ–નિયમો, અલગ અલગ છે. છેલ્લા ઘણાં વર્ષોથી પત્રિકાના માધ્યમથી આ માહિતીઓ આપવામાં આવતી હતી. છેલ્લાં બે–પાંચ વર્ષથી વ્હોટ્સ એપના માધ્યમથી સમાજના વિશાળ સમૂદાયને માહિતીઓ પૂરી પાડવાના પ્રયત્નો થઈ રહેલ છે. બહુજન હિતાય, બહુજન સુખાય જ્ઞાતિસમાજના લોકો આ લાભોથી વંછિતના રહે તેવા પ્રયત્નો કરવા માટે હોદ્દેદારો સક્રિય છે. આવી પરિસ્થિતિમાં અલગ–અલગ માધ્યમોથી, અલગ–અલગ પ્રવૃત્તિઓ માટે, અલગ–અલગ સંસ્થાઓ દ્વારા માહિતીઓ પૂરી પાડવામાં આવે છે. જેમાં તમે પોતે આજીવન સભ્ય પદ ધરાવો છો કે નહીં તેની પહેલાં ખાતરી કરો, તમે આ લાભ મેળવવા માટેના દાયરામાં છો કે નહીં તેની ખાતરી કરો, સમય મર્યાદામાં છો કે નહીં તેની ખાતરી કરો ત્યારબાદ જે–તે સંસ્થાને માહિતી પૂરી પાડો દાખલા તરીકે સહાય શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.માંથી મળતી હોય અને તમો બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીમાં ફોર્મ ભરો, સમય મર્યાદા પતી ગયા પછી ખબર પડે કે આ ફોર્મ ખોટું ભરાઈ ગયેલ છે. સંસ્થાના જાગૃત હોદ્દેદારો જરૂરીયાત તથા હક્કદાર લોકોને લાભ આપવા બંધાયેલા છે જ જેમાં કોઈ શંકાને સ્થાન નથી.

સંસ્થાની ઓફિસે અથવા સંસ્થાના હોદ્દેદાર જોડે સમજ વગરની ચર્ચા કે માથાકૂટ કરવી એ કેટલા અંશે વ્યાજબી છે. વધુમાં વધુ પ્રચાર–પ્રસાર કરીને લાયકાત ધરાવનાર જ્ઞાતિજનોને (સભ્યપદ) આ લાભો આપવા માટેના પ્રયત્નો થઈ રહ્યા છે જેથી કરી શાંત ચિત્તે પૂરેપૂરી તપાસ કરી, પૂરેપૂરા ડોક્યુમેન્ટ મોકલી આપવાથી આ લાભથી તમે વંચિત રહેશો નહીં સંસ્થા તથા આપનો કિંમતી સમય બચશે, આપને સમયસર જરૂરી મદદ મળી રહેશે. મોડા પડેલા, અધૂરી માહિતીવાળા ફોર્મ નામંજૂર થાય છે એ વાત પણ એટલી જ નગ્ન સત્ય છે. આપશ્રીને વિનંતી કરવાની કે સંપૂર્ણ માહિતી બે વખત વાંચી ચકાસી અને તમો લાભાર્થી હોવ તે જ અરજી કે ફોર્મ ભરવા નમ્ર વિનંતી છે.

શ્રી કિરીટકુમાર દવે (પ્રમુખશ્રી) શ્રી સમીરભાઈ દવે (મંત્રીશ્રી)

તથા ટ્રસ્ટીઓ, હોદ્દેદારો અને કારોબારી સભ્યો

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ**

✦✦✦✦✦✦

શ્રી પ્રણવકુમાર જોષી (પ્રમુખશ્રી) શ્રી સમીરભાઈ દવે (મંત્રીશ્રી)

તથા હોદ્દેદારો અને કારોબારી સભ્યો

**શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી., અમદાવાદ**

✦✦✦✦✦✦

શ્રી કિરીટકુમાર દવે (પ્રમુખશ્રી) શ્રી પ્રણવકુમાર જોષી (મંત્રીશ્રી)

તથા હોદ્દેદારો અને કારોબારી સભ્યો

**શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી, વિદ્યાનગર**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૨૫૦૦/-ના દાતા



**સ્વ. ભાનુમતીબેન ચંદ્રશંકર ઠાકર**

જન્મ તા. ૨૯-૧૧-૧૯૩૫ અવસાન તા. ૧૬-૦૭-૨૦૧૭

સ્વ. ભાનુમતી ચંદ્રશંકર ઠાકરની સ્મૃતિ રૂપે તેઓના કુટુંબીજનો તરફથી ભેટ

શ્રદ્ધાજલી સહ વંદન

**ચંદ્રશંકર જયશંકર ઠાકર**

**મયંક ચંદ્રશંકર ઠાકર**
**સ્વ. હેમંત ચંદ્રશંકર ઠાકર**
**વિજય ચંદ્રશંકર ઠાકર**

**કાશ્મીરા નિતેષકુમાર શુકલ**
**કરણ હેમંતકુમાર ઠાકર**

## શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ, નડીયાદ

શ્રી બાજખેડાવાળ હોલ, છાગેશ્વર મહાદેવ પાસે, સંતરામ મંદિર પાસે, નડીયાદ

શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ દ્વારા તા. ૧૪–૫–૨૪ને મંગળવારના રોજ (ગંગાસપ્તર્મિ) ગંગાપૂજનનું આયોજન કરેલ હતું તેમાં મોટી સંખ્યામાં બહેનો તથા ભાઈઓએ ભાગ લઈ ઉજવણી કરી. જેમાં મુખ્ય યજમાન ગં.સ્વ. ભાવનાબેન ઠાકર હતા. ભાવનાબેન ઠાકર તરફથી બાજખેડાવાળ મહિલા સમાજ દશેરા નિમિત્તે રૂ. ૨૫૦૦૦/– ભેટ મળેલ છે તથા ગંગાપુજનમાં બાજખેડાવાળ મહિલા સમાજને નાની–મોટી ભેટ સહયોગ મળેલ છે.

ભેટ (૧) રૂ. ૨૦૦૦/– ગં.સ્વ. નલિનીબેન ચંદ્રવદન ભટ્ટ (સોજીત્રા) હસ્તે પ્રાપ્તિબેન (૨) રૂ. ૫૦૧/– ગં.સ્વ. દક્ષાબેન કે. ભટ્ટ, નડિયાદ (૩) રૂ. ૫૦૧/– સ્વ. ચંદ્રિકાબેન બી. પંડ્યા, નડીયાદ (૪) રૂ. ૫૦૧/– અસ્મિતાબેન આર. દવે (૫) રૂ. ૫૦૧/– જયાબેન કે. દવે (બાવળા) હસ્તે યશ દવે (૬) રૂ. ૫૦૧/– ગં.સ્વ. લીલાબેન એચ. દવે (આણંદ) હસ્તે શરદ દવે (૭) રૂ. ૫૦૧/– સ્વ. શીરીષકુમાર આર. દવે (મોરડ) હસ્તે શક્તિ દવે (૮) રૂ. ૫૦૧/– સ્વ. નર્મદાબેન એચ. જોષી (સોજીત્રા) (૯) રૂ. ૫૦૧/– સ્વ. ઉષાબેન આર. દવે (ખેડા) (૧૦) રૂ. ૫૦૧/– સ્વ. પ્રવિણચંદ્ર જી. દેસાઈ (નડીયાદ) (૧૧) રૂ. ૫૦૧/– ઉષાબેન પી. દવે (૧૨) રૂ. ૫૦૧/– તૃપ્તિબેન ભટ્ટ (૧૩) રૂ. ૫૦૧/– સરલાબેન ડી. દવે (૧૪) રૂ. ૫૦૧/– શર્મિષ્ઠાબેન એમ. શેલત (૧૫) રૂ. ૫૦૧/– લતાબેન જી. શેલત (ડાકોર) (૧૬) રૂ. ૫૦૧/– જગદીશચંદ્ર એસ. દવે (મહેમદાવાદ) (૧૭) રૂ. ૫૦૧/– નીતાબેન એમ. દવે (સોજીત્રા) સર્વે ઉજવનાર તથા મહિલા સમાજે ફરાળની લિજ્જત માણી હતી.

પ્રસાદી ભટ્ટ – સ્વ. જયંતિભાઈ દવે તથા સ્વ. હસમુખભાઈ દવે તરફથી મળેલ છે. ઠંડા પીણાની લિજ્જત પ્રકાશભાઈ દવે પરિવાર તરફથી મળેલ છે. ફુલહારની ભેટ રૂ. ૭૫૧/– સ્નેહલભાઈ યુ. દવે પરિવાર તરફથી મળેલ છે. તા. ૧–૬–૨૪ના રોજ મહિલા સમાજની જનરલ મિટીંગ થઈ. આખા વર્ષ દરમ્યાન થયેલ પ્રોગ્રામનું વાંચન કર્યું. મોટી સંખ્યામાં બહેનોએ હાજરી આપી. સૌ સાથે અંતાક્ષરીની રમત રમ્યા. નાસ્તો તથા આઈસ્ક્રીમની લિજ્જત માણી સંભારણા ભેટ સાથે સૌ છુટા પડ્યા. તા. ૨૧–૭–૨૪ ગૌરીવ્રત હરિફાઈ તા. ૨૧–૬–૨૪ વટ સાવિત્રી વ્રતની સમુહ ઉજવણી રાખેલ છે.

**અંજનાબેન દવે** — પ્રમુખ

**નિકેતા દવે** — મંત્રી

## શ્રી અમરેશ્વર મહાદેવ – વારાહી માતા – કાળકા માતા તથા જલારામ બાપા ટ્રસ્ટ ઉમરેઠ

વારાહી માતા મંદિર, વારાહી ચકલ, ઉમરેઠ–૩૮૮૨૨૦ (ગુજરાત)

સર્વે જ્ઞાતિજનોને ઉમરેઠના જય વારાહી માતાજી, સવિનય જણાવવાનું કે આગામી નવરાત્રી દરમ્યાનનો આસો સુદ નોમનો હવન ઉમરેઠના વતની અને હાલ યુ.એસ.એ.માં રહેતા પ્રવિણભાઈ શેલતનો છે. તેમણે ૧૯૯૮માં આ હવન લખાવેલો હતો પણ કોઈ કોન્ટેક ન થતા હવે પછી તેઓને આપવામાં આવે છે.

બીજું કે આપ સર્વે જ્ઞાતિજનો, માતાજીએ દર્શન કરવા આવો તો ભેટ–ભેટ પેટીમાં નાખવાનો આગ્રહ રાખો તથા ભેટની પાવતી લેવાનો આગ્રહ રાખો જેથી સદર ભેટ માતાજીના

દિવી તથા અન્યમાં વપરાય જેની ખાસ નોંધ લેશો.

અમોને નીચેના દાતાઓ તરફથી ભેટ મળેલ છે. (૧) રૂ. ૧૧૧૧૧/- હરિવદન પંડ્યા, ઉમરેઠ તરફથી (૨) રૂ. ૧૦૦૫/- ભારતીબેન પંડ્યા તરફથી વડોદરા (૩) રૂ. ૫૦૦૧/- સ્વ. લીલાવતિબેન ચંદ્રશંકર ભટ્ટ-છોટા ઉદેપુર (૪) રૂ. ૫૧૦૦૦/- સ્વ. લીલાવતિબેન ચંદ્રશંકર ભટ્ટ-છોટા ઉદેપુર (૫) રૂ. ૨૫૦૦૦/- હર્ષાબેન કુમુદચંદ્ર શેલત, ઉમરેઠ (૬) રૂ. ૫૦૦૦૦/- હવન પેટે પ્રવિણભાઈ શેલત, યુ.એસ.એ.

આ સિવાય પણ ઘણા દાતાઓના પૈસા મળેલ છે. માતાજીનો રીપોર્ટ ઓડીટ થઈને આવી ગયેલ છે. જે ભાવિક ભક્તોએ જોવો હોય તેમણે કાર્યાલયનો સંપર્ક કરવો.

**સુરેશભાઈ જોષી-પ્રમુખ**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ

ઓફિસ - શ્રી નિર્મળાબેન જે. દેસાઈ, "મંગલમ સ્ટોર્સ", ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ. ફોન - ૯૩૨૮૨૩૦૬૭૦, ૯૯૧૩૬૧૬૦૬૪

### ડાન્સ કોમ્પીટીશન

ગત તા. ૯-૬-૨૦૨૪ને રવિવારના રોજ શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા આયોજીત ડાન્સ કોમ્પીટીશનમાં કુલ ૮૨ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમા ૪ વર્ષથી લઈને ૬૩ વર્ષ સુધીના ઉંમર ધરાવતા બાળકો, યુવક, યુવતી તથા મહિલાઓએ ભાગ લીધો હતો. જ્ઞાતિના બાળકો તથા મહિલા યુવક યુવતી નૃત્યમાં એટલા ટેલેન્ટે હતા કે તેમના નૃત્ય-કલા દ્વારા સમગ્ર ઓડીયન્સને મંત્રમુગ્ધ કરી દીધુ કે હોલની કેપેસીટી કરતા વધુ લોકો ઉભા-ઉભા પણ ડાન્સ પ્રોગ્રામને માણ્યો ને ખૂબ જ વખાણ્યો. જ્ઞાતિના નૃત્ય વિશારદોને અને વિજેતાઓને ખૂબ ખૂબ અભિનંદન. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી હીમાંશુભાઈ ભટ્ટ દ્વારા ખૂબ જ સફળતાપૂર્વક કરવામાં આવ્યું. શ્રી તૃપ્તીબેન જોષીએ સમગ્ર ભાગ લેનાર સ્પર્ધકોને ભેગા કરી ડાન્સ માટે પ્રોત્સાહીત કરી એકજૂટ કરી સંકલન કરવા બદલ ખૂબ ખૂબ ધન્યવાદ. જજશ્રી કૃતિબેનના તટસ્થ જજમેન્ટ બદલ તેમનો ખૂબ ખૂબ આભાર. કાર્યક્રમને સફળ બનાવવા દરેક સભ્યોએ તન-મન અને ધનથી પોતાનો સહયોગ આપ્યો. મુખ્ય મહેમાનોશ્રી પારૂલબેન મયંકભાઈ દવે તથા શ્રી અજીતભાઈ બી. દવેનો પ્રોગ્રામને ખૂબ જ મોટો આર્થિક સહયોગ આપવા બદલ સંસ્થા તેમનો અંતઃકરણપૂર્વક આભાર માને છે.

ડાન્સ કોમ્પીટીશનમાં આવેલ દાન ભેટની યાદી (૧) શ્રીમતી પારૂલબેન મયંકભાઈ દવે રૂ. ૨૧૦૦૦/- (૨) શ્રી અજીતભાઈ બી. દવે રૂ. ૨૧૦૦૦/- (૩) શ્રી અસ્મી પ્રશાંત જોષી (મુંબઈ) રૂ. ૫૦૦૦/- (૪) શ્રી દીપીકાબેન દીલીપભાઈ પંડ્યા રૂ. ૧૦૦૦/- (૫) શ્રી તરલભાઈ ભટ્ટ રૂ. ૫૦૦/- (૬) શ્રી વૈશાલીબેન હેતલકુમાર ભટ્ટ રૂ. ૫૦૦૦/- (૭) શ્રી નલીનીબેન હસમુખભાઈ દવે રૂ. ૨૫૦૦/- (૮) શ્રી મહિલા પાંખ વિદ્યાનગર રૂ. ૫૦૦/- (૯) શ્રી ઉમાબેન સુભાષભાઈ શેલત રૂ. ૧૦૦૦/- (૧૦) શ્રી નયનાબેન ગુણવંતભાઈ દવે રૂ. ૧૦૦૦/- (૧૧) શ્રી દુષ્યંતભાઈ દવે રૂ. ૫૦૦/-

### અન્નપૂર્ણા સહાય યોજના

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ દ્વારા ચાલતી આ યોજના અંતર્ગત જ્ઞાતિના ઉમરેઠ - ડાકોર સ્થિત જરૂરીયાત મંદ ભાઈ-બહેનોને દર ત્રણ મહિને ત્રણ મહિના ચાલે એટલી અનાજ સામગ્રી પહોંચતી કરવામાં આવે છે. આ માટે અમારી સંસ્થાને જ્ઞાતિના ઉદાર દાતાશ્રીઓ તરફથી સતત દાનનો પ્રવાહ મળતો રહ્યો છે. સંસ્થા તેઓશ્રીનો ખૂબ ખૂબ આભાર માને છે આ

યાદી આ મુજબ છે. (૧) ડૉ. રમેશભાઈ મનુભાઈ દવે તરફથી ડૉ વિનોદાબેનની પુણ્યતિથિ નિમિતે રૂ. ૫૧૦૦૦/- (૨) કુંજ અતુલ દેસાઈ રૂ. ૧૫૦૦/-

**એજ્યુકેશન ફંડ**

(૧) કૃતિબેન જોષી (ઘોડાસર) રૂ. ૧૦૦૦૦/-

**પુસ્તક વિતરણ યોજના - શૈક્ષણિક ઈનામ વિતરણ**

ધો. ૧ થી ૧૨ તથા ૧૦, ૧૧, ૧૨ તથા કોલેજની પાસ થયેલી દીકરીઓએ ઉપરોક્ત લાભ માટે તા. ૭-૧૦-૨૦૨૪ના રોજ સાંજે ૫ થી ૭ માં મંગલમ સ્ટોર્સ પુષ્પકુંજ શ્રી બેલાબેન દેસાઈને ત્યાં આવીને મેળવી લેવો.

**મંત્રીશ્રી** — **તૃપ્તીબેન જોષી / ભોપીબેન ભટ્ટ**

**પ્રમુખ** — **દર્શનાબેન એ. ભટ્ટ**

## શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ - અમદાવાદ

**પીકનીક - સ્ટેચ્યુ ઓફ યુનિટિ - પોઈચા**

શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ દ્વારા ૨ દિવસ અને ૧ રાત્રિ રોકાણ સાથેના પ્રવાસનું આયોજન કરેલ જેમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી (કેવડીયા) અને પોઈચા માટે તા. ૧-૬-૨૪, શનિવારે સવારે ૮૧ જ્ઞાતિબંધુઓ સવારે ૬.૦૦ વાગે નીકળી રસ્તામાં બરોડા પાસે ચા-કોફી-નાસ્તો કરીને કેવડીયાના રમણીય કામધેનુ રીસોર્ટ પહોંચેલ. ત્યાં સવારનું જમણ કરી સ્ટેચ્યુ ઓફ યુનિટીની સફરમાં વિશ્વનું સૌથી ઊંચું શ્રી સરદાર પટેલનું સ્ટેચ્યુ તથા લેસર શો નીહાળી સાંજે પાછા રિસોર્ટ પર આવેલ અને રાત્રિ રોકાણ કરી બીજે દિવસે તા ૨-૬-૨૪ને રવિવારે કેવડીયા જંગલ સફારીની રોમાંચક સવારી કરેલ સાથે સાથ વેલી ઓફ ફ્લાવર તથા અન્ય જગ્યાઓ જોઈ રીસોર્ટ પર આવી ભોજન લઈ પોઈચા શ્રી સ્વામીનારાયણ ધામ પહોંચેલ. જ્યાં સુંદર અને અદ્‌ભૂત વરઘોડો, લાઈટીંગ તથા આરતી દર્શન કરી સાંજનું જમણ કરી અમદાવાદ સુખરૂપ રાત્રે ૧૨ વાગે આવી પહોંચેલ. દરેક પ્રવાસીઓને ખૂબ જ આનંદ અને મજા માણી અને સુખદ અને અવિસ્મરણીય અને આનંદપ્રદ આવા પ્રસંગોના આયોજન બદલ સમાજનો આભાર માન્યો હતો.

**સૂરીલી સાંજ - સંગીત સંધ્યા**

શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજના દ્વારા તા. ૧૨-૬-૨૪ને બુધવારના રોજ, ટાગોર હોલ, પાલડી, અમદાવાદ ખાતે સૂરીલી સાંજ (સંગીત સંધ્યા)નું આયોજન કરેલ જેમાં જ્ઞાતિજનોના અદ્‌ભૂત આવકારના લીધે ટાગોર હોલ સંપૂર્ણ પણે ફૂલ હાઉસમાં પરિવર્તીત થયેલ. સાંજે ૭.૦૦ થી ૯.૦૦ ભોજન બાદ, રાત્રે ૯.૦૦ થી ૧૨.૦૦ સંગીત સંધ્યામાં શ્રી સદાશિવ દવે અને સ્મૃતિ દવે તથા તેમના સાથી કલાકારો દ્વારા (ઉમરેઠ)એ ગુજરાતી અને હિન્દી ગીતોની રમઝટ બોલાવી અને આપણા સમાજના કલ્ચરલ તથા આપણા ઉમરેઠની ભાવનાને વ્યક્ત કરી સર્વેને ભાવુક કરી દીધી હતા અને સમાજને ગૌરવ અપાવે તેઓ કાર્યક્રમ રજૂ કરી જ્ઞાતિજનોના દિલ જીતી લીધા. જ્ઞાતિજનોએ કાર્યક્રમને ખૂબ જ સુંદર, ઘણો જ સરસ, વેરી નાઈસ, અદ્‌ભૂત, વેરી વેલ મેનેજ, ગુડ ટીમ વર્ક તથા વતનની યાદ તાજુ કરાવી જેવા શબ્દોથી વધાવી ખૂબ જ ઉલ્લાસભેર માણ્યો. આપ સૌના સાથ સહકાર બદલ બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ આપનો ખૂબ જ આભાર માને છે સાથે સાથે હવે પછીનો પ્રોગ્રામ તા. ૧૮-૦૮-૨૪ને રવિવાર લઘુરૂદ્રનો છે તે જાણશો.

**શ્રી સ્નેહલભાઈ ભટ્ટ - પ્રમુખ** — **શ્રી કિરીટભાઈ દવે - મંત્રી**

**સમગ્ર ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, સલાહકારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ**


નામ : ચિ. કરન પરાગ ભટ્ટ ઊંચાઈ : ૫'–૧૧'' વજન : ૮૦ કિલો

જન્મતારીખ : ૨૬–૦૭–૧૯૯૫ જન્મસ્થળ : અમદાવાદ જન્મસમય : ૦૪.૩૦ સાંજે

અભ્યાસ : બી.ઈ. (કોમ્પ્યુટર)

મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : નોકરી

માસિક આવક : –




ગોત્ર : લંકાનસ

રાશિ : મીથુન

નક્ષત્ર : પુનર્વસુ

નાડી : આદ્ય

માતાનું નામ : હીના પરાગ ભટ્ટ

ભાઈ/બહેન : –

પિતાનું નામ : પરાગ મનોહરભાઈ ભટ્ટ

સરનામું : ૭, જીવનપ્રકાશ સોસાયટી, સ્વાતી સોસાયટીની પાસે, સેન્ટ ઝેવીયર્સ સ્કુલ રોડ, દર્પણ ક્રોસ રોડ, નવરંગપુરા, અમદાવાદ–૩૮૦૦૧૪

ફોન/મોબાઈલ : પરાગ ભટ્ટ – ૭૬૨૪૦૧૦૮૬૭, હીના ભટ્ટ – ૯૮૯૮૮૮૨૧૩૧

---


નામ : ચિ.શિવમ તેજસકુમાર જોષી ઊંચાઈ : ૫'–૧૧'' વજન : કિલો

જન્મતારીખ : ૨૪–૧૧–૨૦૦૧ જન્મસ્થળ : નડીયાદ જન્મસમય : ૧૮.૩૯ સાંજે

અભ્યાસ : સોફ્ટવેર ડેવલોપર

મૂળવતન : નડીયાદ વ્યવસાય : વેપાર

માસિક આવક : રૂ. ૧૦ લાખ વાર્ષિક




ગોત્ર : પૌનસ

રાશિ : કુંભ

નક્ષત્ર : પૂર્વભાદ્રપદ–૨

નાડી : અદિ

માતાનું નામ : રીનાબેન તેજસકુમાર જોષી

ભાઈ/બહેન : નથી

પિતાનું નામ : તેજસકુમાર શશીકાન્તભાઈ જોષી

સરનામું : ૧૩૩, જન્નત, વિશાલનગર, આઈ.જી. રોડ, શિવાલય ફ્લેટ, નડીયાદ

ફોન/મોબાઈલ : ૯૪૨૬૬૧૫૧૭૭, ૯૪૨૭૮૮૦૨૦૪


નામ : ચિ. દિવ્યકુમાર જયેશકુમાર દવે ઊંચાઈ : ૫'–૩'' વજન : ૭૫ કિલો

જન્મતારીખ : ૧૯–૦૧–૨૦૦૨ જન્મસ્થળ : આણંદ જન્મસમય : ૦૬.૫૦ સાંજે

અભ્યાસ : બિઝનેસ મેનેજમેન્ટ એન્ડ ઈકોનોમીક્સ, વેસ્ટ લંડન યુનિ. (યુ.કે.)

મૂળવતન : આણંદ વ્યવસાય : બિઝનેસ

માસિક આવક : રૂ. ૧,૫૦,૦૦૦/–




ગોત્ર : પૌનસ

રાશિ : ઉત્તર ભાદ્રપદ

નક્ષત્ર : મીન

નાડી : મધ્ય

માતાનું નામ : કિન્નરીબેન જયેશકુમાર દવે

ભાઈ/બહેન : ૧–ભાઈ–અપરણિત

પિતાનું નામ : જયેશકુમાર પ્રવિણકુમાર દવે

સરનામું : ૧૮–બી, જી.આઈ.ડી.સી., વિઠ્ઠલ ઉદ્યોગનગર, વલ્લભ વિદ્યાનગર

ફોન/મોબાઈલ : ૯૮૨૪૪૦૩૪૨૩

---


નામ : ચિ. મિહિર સુરેશકુમાર જોષી ઊંચાઈ : ૫'–૭'' વજન : ૯૦ કિલો

જન્મતારીખ : ૧૧–૦૪–૧૯૯૫ જન્મસ્થળ : નડિયાદ જન્મસમય : ૦૯.૩૦ રાત્રે

અભ્યાસ : બી.કોમ. (ઈંગ્લીશ મીડીયમ) એલ.એલ.બી.

મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : વકીલાત પ્રેક્ટિસ

માસિક આવક : –




ગોત્ર : પૌનસ

રાશિ : સિંહ

નક્ષત્ર : મઘા

નાડી : અંત્ય

માતાનું નામ : નિલાબેન સુરેશકુમાર જોષી

ભાઈ/બહેન : ૧–બહેન–પરણિત


પિતાનું નામ : સુરેશકુમાર રતિલાલ જોષી

સરનામું : "વારાહી કૃપા", વારાહી ચકલા, માખણવાડા, વારાહી દરવાજા,
ઉમરેઠ–૩૮૮૨૨૦


ઈ–મેઈલ : joshimihir469@gmail.com

ફોન/મોબાઈલ : સુરેશભાઈ–૯૮૨૪૫૯૬૬૯૬, નીલાબેન–૯૭૩૭૯૯૭૧૪૧

નામ : ચિ. આશુતોષ નીતલકુમાર દેસાઈ ઊંચાઈ : – વજન : –
જન્મતારીખ : ૩૧–૦૫–૨૦૦૦ જન્મસ્થળ : નડિયાદ જન્મસમય : ૦૪.૦૫ દિવસે
અભ્યાસ : ચાલુ
મૂળવતન : મહુધા વ્યવસાય :
માસિક આવક : –
ગોત્ર : ગાર્ગ્સ
રાશિ : મેષ
નક્ષત્ર : ભરણી
નાડી : મધ્ય
માતાનું નામ : ઉર્વીબેન
ભાઈ/બહેન : ૧–ભાઈ–અપરણિત
પિતાનું નામ : નીતલકુમાર મહાવીરપ્રસાદ દેસાઈ
સરનામું : બ્રહ્મધામ, બહુચરા માતાના મંદિર પાસે, મહુધા, જી.ખેડા
ફોન/મોબાઈલ : ૯૪૨૬૫૫૭૭૩૩





નામ : ચિ. આકાશ હેમંતભાઈ દવે ઊંચાઈ : ૫'–૬'' વજન : ૬૭ કિલો
જન્મતારીખ : ૨૩–૦૨–૧૯૯૬ જન્મસ્થળ : ઉમરેઠ જન્મસમય : ૧૫.૩૦ કલાકે
અભ્યાસ : બી.ઈ. મીકેનીકલ
મૂળવતન : ચૂણેલ, જી. ખેડા વ્યવસાય : નોકરી
માસિક આવક : રૂ. ૪૫,૦૦૦/–
ગોત્ર : બલિકશ્યપ
રાશિ : મેષ
નક્ષત્ર : અશ્વિની
નાડી : આધ્ય
માતાનું નામ : દિપ્તીબેન હેમંતભાઈ દવે
ભાઈ/બહેન : ૧–ભાઈ–અપરણિત
પિતાનું નામ : હેમંતભાઈ અર્જુનભાઈ દવે
સરનામું : ૪, જયશ્રી ગાયત્રીનગર સોસાયટી, અભયનગર પાસે, ગોરવા, વડોદરા–૩૯૦૦૦૩
ફોન/મોબાઈલ : ૯૪૨૯૧૩૫૧૪૭, ૯૪૦૮૫૨૦૮૩૫




| | |
|---|---|
| Name | : Chi. Atharva Shrinivas Dave |
| Height | : 5’-8’’ |
| Weight | : 68 Kg. |
| Birth Date | : 15-10-2000 |
| Birth Time | : 03.40 a.m. |
| Birth Place | : Mumbai |
| Education | : B.Tech. (Infromation Technology)<br>(K. J. Somaiya College of Engineering) |
| Profession | : Job |
| Monthly Income | : - |
| Native Place | : Nandurbar |
| Mother Name | : Mridula Shrinivas Dave |
| Borther/Sisters | : - |
| Maternal Place | : Varanasi |
| Father | : Shrinivas Vasudev Dave |
| Address | : 301, Dattaram Niwas, Rambagu-4, Kalyan (W), Maharashtra-421301 |
| Phone No. | : 9967534154 |
| Mobile No. | : 7718994595 |
| E-mail | : atharvadave000@gmail.com |
| Choice | : Well-Educated |
| Note | : - |

| | |
|---|---|
| Gotra | : Paunas |
| Nakshatra | : Bharani |
| Rashi | : Mesh |
| Nadi | : Madhya |
| Gan | : Manushya |
| Varna | : Kshatriya |
| Yoni | : Gaj |
| Varg | : Gaj |




| | | |
|---|---|---|
| નામ | : | ચિ. પ્રણવકુમાર હિતેશભાઈ ત્રિવેદી |
| ઊંચાઈ | : | ૫'–૫'' |
| વજન | : | ૭૦ કિલો |
| જન્મ તારીખ | : | ૦૫–૧૨–૧૯૯૬ |
| જન્મ સમય | : | ૦૬.૨૫ સવારે |
| જન્મ સ્થળ | : | પેટલાદ |
| અભ્યાસ | : | ડિગ્રી મિકેનિકલ એન્જીનીયર, સર્ટીફાઈડ પર્સનલ ટ્રેનર |
| વ્યવસાય | : | નોકરી |
| માસિક આવક | : | રૂ. ૪૦,૦૦૦/– |
| મૂળ વતન | : | નડિયાદ |
| માતાનું નામ | : | શોભનાબેન ત્રિવેદી |
| ભાઈ/બહેન | : | બહેન–પરણિત |
| મોસાળ | : | સોજીત્રા |
| પિતા | : | હિતેશભાઈ હસમુખભાઈ ત્રિવેદી |
| સરનામું | : | ૧૮, ધર્મનગર સોસાયટી, પેટલાદ રોડ, કીડની હોસ્પીટલ પાછળ, નડિયાદ |
| ફોન નં. | : | ૮૫૩૦૪૦૮૭૮૭, ૯૭૭૮૧૧૭૧૭૨ |
| મોબાઈલ નં. | : | ૯૬૩૮૨૧૪૧૫૧ (માતા) |
| ઈ–મેઈલ | : | – |
| સંપર્ક | : | – |
| સરનામું | : | ૧૮, ધર્મનગર સોસાયટી, પેટલાદ રોડ, કીડની હોસ્પીટલ પાછળ, નડિયાદ |
| ફોન નંબર | : | – |
| પસંદગી | : | સંસ્કારી તથા શિક્ષિત |
| નોંધ | : | – |
| ગોત્ર | : | ગાર્ગ્સ |
| નક્ષત્ર | : | ઉ.ફા. |
| રાશિ | : | કન્યા |
| નાડી | : | આદ્ય |
| ગણ | : | મનુષ્ય |
| વર્ણ | : | વૈશ્ય |
| યોનિ | : | ગૌ |
| વર્ગ | : | ઉંદર |




| | | |
|---|---|---|
| Name | : | Chi. Vishal Prabhakarbhai Diwan |
| Height | : | 5’-6’’ |
| Weight | : | 78 Kg. |
| Birth Date | : | 10-10-1991 |
| Birth Time | : | 05.45 p.m. |
| Birth Place | : | Umreth |
| Education | : | B.Com |
| Profession | : | Job |
| Monthly Income | : | - |
| Native Place | : | Nandurbar |
| Mother Name | : | Late. Kalnaben Prabhakarbhai Diwan |
| Borther/Sisters | : | - |
| Maternal Place | : | Umreth |
| Father | : | Late. Prabhakarbhai Nathubhai Diwan |
| Address | : | F.N. 02, Kokane Building, Ram Gali,<br>Near Ganesh Temple, Narayan, Ta. Junnar,<br>Pune, Maharashtra-410504 |
| Phone No. | : | 9967534154 |
| Mobile No. | : | 9168094007 |
| E-mail | : | vishaldiwan.10@gmail.com |
| Choice | : | - |
| Note | : | - |

| | | |
|---|---|---|
| Gotra | : | Paunas |
| Nakshatra | : | Vishakha |
| Rashi | : | Tula |
| Nadi | : | Antya |
| Gan | : | Rakshas |
| Varna | : | Shudra |
| Yoni | : | Vyagh |
| Varg | : | - |




| | | |
|---|---|---|
| Name | : | Chi. Prayag Prakashkumar Pandya |
| Height | : | 5’-8’’ |
| Weight | : | 65 Kg. |
| Birth Date | : | 08-03-1996 |
| Birth Time | : | 08.07 a.m. |
| Birth Place | : | Vadodara |
| Education | : | BE (Electrical Eng.), MBA (Opnmegnet-GIM-Goa) |
| Profession | : | Job |
| Monthly Income | : | Rs. 90000/- |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Sangitaben Pandya |
| Borther/Sisters | : | 1-Brother-Married |
| Maternal Place | : | - |
| Father | : | Prakashkumar Bapalal Pandya |
| Address | : | B-29, Pavandham Society, Nr. Samta Flats, Subhanpura, Vadodara-390023 |
| Phone No. | : | 9998003494 |
| Mobile No. | : | - |
| E-mail | : | - |
| Contact | : | - |
| Address | : | - |
| Phone | : | - |
| Choice | : | Well Educated |
| Note | : | - |
| Gotra | : | Upamansya |
| Nakshatra | : | Chitra-1 |
| Rashi | : | Kanya |
| Nadi | : | Madhya |
| Gan | : | Rakshas |
| Varna | : | - |
| Yoni | : | - |
| Varg | : | - |



| | | |
|---|---|---|
| નામ | : | ચિ. સમીક કમલ ભટ્ટ |
| ઊંચાઈ | : | ૫'–૭'' |
| વજન | : | ૬૫ કિલો |
| જન્મ તારીખ | : | ૨૬–૦૩–૧૯૯૮ |
| જન્મ સમય | : | ૧૨.૧૮ રાત્રે |
| જન્મ સ્થળ | : | વડોદરા |
| અભ્યાસ | : | બી.એસ.સી. ફોરેન્સીક સાયન્ય, એમ.બી.એ. ઈન હોમલેન્ડ સીક્યુરીટી, એન.એસ.એફ.યુ. ગાંધીનગર |
| વ્યવસાય | : | બિઝનેસ |
| માસિક આવક | : | રૂ. ૭૫૦૦૦/– |
| મૂળ વતન | : | ઉમરેઠ |
| માતાનું નામ | : | દર્શનાબેન કમલ ભટ્ટ |
| ભાઈ/બહેન | : | ૧–બહેન–અપરણિત |
| મોસાળ | : | વડોદરા |
| પિતા | : | ડૉ. કમલ ઉપેન્દ્રકુમાર ભટ્ટ |
| સરનામું | : | ૨, જશોદા એપાર્ટમેન્ટ, વાણિયાવાડ, કશ્યપ ફ્લેટ સામે, નડીયાદ |
| ફોન નં. | : | – |
| મોબાઈલ નં. | : | પિતા – ૯૪૨૬૪૦૨૮૦૫ |
| ઈ–મેઈલ | : | kamalnadiad@rediffmail.com |
| સંપર્ક | : | – |
| સરનામું | : | – |
| ફોન નંબર | : | – |
| પસંદગી | : | ગ્રેજ્યુએટ |
| નોંધ | : | – |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | ચિત્રજય |
| નક્ષત્ર | : | શતતારકા |
| રાશિ | : | કુંભ |
| નાડી | : | અંત્ય |
| ગણ | : | રાક્ષસ |
| વર્ણ | : | શુદ્ર |
| યોનિ | : | અશ્વ |
| વર્ગ | : | માર્જર |



## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા
## વિશિષ્ટ સહાય ફંડના દાતા

૧. સ્વ. ભાનુમતીબેન ચંદ્રશંકર ઠાકર — અમદાવાદ — રૂ. ૨૫૦૦/–
હસ્તે – ચંદ્રશંકર જયશંકર ઠાકર

## જ્ઞાતિનું ગૌરવ

– શ્રી પ્રથમ, જે પાયલ એન. શર્મા તથા નવશિલ વિ. શર્મા (In Solar Energy Pvt. Ltd.) ના પુત્ર જે મણિશંકર પી. શર્માના પ્રપૌત્ર CBSE ધો. ૧૦ની પરીક્ષા વર્ષ–૨૦૨૪માં ૯૪% ગુણ સાથે ઉતિર્ણ થયેલ છે. આ નિમિત્તે તેઓ તરફથી રૂ. ૫૦૦/– સંસ્થાને શુભેચ્છા ભેટ મળેલ છે.

– નંદ વિજય દવે નોર્થ ઈસ્ટન યુનિવર્સિટી બોસ્ટનમાંથી ૯.૨/૧૦ પાસ થયેલ છે જે નિમિત્તે રૂ. ૫૦૧/– સંસ્થાના શુભેચ્છા ભેટ મળેલ છે.

## અવસાન નોંધ

– ઉમરેઠ વતની (ડાકોર નિવાસી) નરેન્દ્રકુમાર ચીમનલાલ દવેનાં ધર્મપત્ની ભાનુમતીબેન (ઉંમર ૭૮) વિક્રમ સંવત ૨૦૮૦, જેઠ સુદ બીજ તારીખ ૦૮–૦૬–૨૦૨૪ના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુ સદ્‌ગતના આત્માને ચીર શાંતિ આપે. શ્રી નરેન્દ્રભાઈ તરફથી બાજખેડાવાળ પત્રિકાને રૂ. ૨૫૦/– ભેટ મળેલ છે.

## બાજખેડાવાળ પત્રિકાના આજીવન સભ્યો માટે ખાસ નોંધ

(૧) બાજખેડાવાળ પત્રિકા દર મહિનાની આખર તારીખે અમદાવાદથી પોસ્ટ થાય છે. (૨) કોઈ કારણસર પત્રિકા ન મળે તો એ પત્રિકા કદાચ આખા ગામ કે શહેરમાં વહેંચાઈ ન હોય એમ બને. (૩) આપને પત્રિકા નિયમિત ન મળતી હોય તો સ્થાનિક પોસ્ટમેન અથવા સ્થાનિક પોસ્ટ ઓફિસમાં લેખીત ફરિયાદ કરવી. (૪) પત્રિકા ધારક ગુજરી જાય એટલે પત્રિકાનું સભ્યપદ આપોઆપ રદ થઈ જાય છે. તમારે નવેસરથી પત્રિકા મેળવવા માટે રૂ. ૧૦૦૦/– લવાજમ ભરવાનું રહેશે. (૫) પત્રિકાના સભ્ય કાયમી વિદેશ વસવાટ કરવા માટે ગયા હોય તેવા સંજોગોમાં પત્રિકા બીજાના સરનામે કે બીજાના નામે પત્રિકા મોકલવામાં આવશે નહીં. (૬) બાજખેડાવાળ પત્રિકાની કોઈપણ જાતની ફરીયાદ કે માહિતી માટે તંત્રીનો સંપર્ક સાધ્યા વગર સંસ્થાની ઓફિસે પત્રિકા ઉપર દર્શાવેલ ફોન નંબર ઉપર મેનેજર શ્રી ભાવેશ પંડ્યાનો સંપર્ક કરવો. જેથી ફરીયાદનું ત્વરીત નિરાકરણ થઈ જાય. (૭) નવા સભ્યોએ, પત્રિકાના સભ્યો એ પોતાની પાવતી મેળવી લેવી અને તેના પર તથા પત્રિકા પર જે સભ્ય નંબર લખેલ છે. તે નંબરથી પત્ર વ્યવહાર કરવો. સભ્ય નંબર જણાવવાથી કામ સરળ થશે. (૮) પત્રિકાના જન્માક્ષરની મેટરમાં તમારા દ્વારા મોકલાવવામાં આવેલી મેટરમાં જ ભૂલ હોય અથવા અક્ષર ઉકલતા ન હોય તેવા સંજોગોમાં ભૂલ થવાની સંભાવનાઓ થાય જેથી નિયત ફોર્મમાં સ્વચ્છ અક્ષરે મેટર મોકલવા આગ્રહ ભરી વિનંતી જેથી સુધારાને અવકાશ રહે નહીં.

– તંત્રી મંડળ

Registered Under RNI No. GUJGUJ/2007/20537 date 24-07-07 Permitted to Post at PSO Ahmedabad on last day of month Regd. Under Postal Regd. No. GAMC-705/2022-24 issued by SSP Ahmedabad valid & Renewed upto Dt. 31-12-2024 LPWP No. PMG / NG / 100 / 2022-2024 valid upto 31-12-2024 Published on 27th Every Month

**ચાલો.... ચાલો.... ચાલો....૩૫મું રાષ્ટ્રીય અધિવેશન**

**તા. ૨૯-૧૨-૨૦૨૪ને રવિવાર**

**ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી ઓડીટોરીયમ - વસ્ત્રાલ**

સમગ્ર બાજખેડાવાળ સમાજની સૌથી વધારે વસ્તી ધરાવતાં એવા અમદાવાદ શહેરમાં આગામી ૩૫મું રાષ્ટ્રીય અધિવેશન યોજાનાર છે. આ અધિવેશનમાં ૧૧૫૦ની હોલની કેપેસીટી છે આયોજકોને અધિવેશનના પાસ આપવાની ના પાડવી પડે અને અધિવેશન સ્થળ સંપૂર્ણ હાજરીથી ભરાઈ જાય તે જોવાની ફરજ હવે અમદાવાદ શહેરના જ્ઞાતિજનોની છે. આણંદ, નડિયાદ, વસો, મહેમદાવાદ, મહુધા જેવા ગામોએ ૪૦૦નું વિતરણ કરી દીધેલ છે જેની આ તબક્કે નોંધ લઈ વહેલી તકે અધિવેશનમાં આપનું રજીસ્ટ્રેશન કરાવી પાસ મેળવી લેવા યોગ્ય કરશો. અમદાવાદમાં શ્રી પ્રાણશંકરભાઈ હોલ ખાતે તથા શ્રી શૈલેષભાઈ જોષી પાસેથી મળશે. વહેલી તકે આપ પાસ મેળવી લેશો.

આ અધિવેશન હોલની દૃષ્ટિએ, સંખ્યાની દૃષ્ટિએ અને અન્ય વ્યવસ્થાઓમાં 'ન ભૂતો ના ભવિષ્યતિ' બનશે તેની અમો ખાતરી આપીએ છીએ.

આપના સહકારની અપેક્ષા સહ....આભાર સહ....

**કિરીટકુમાર એમ. દવે-પ્રમુખ** **સમીરભાઈ દવે-મંત્રી**

**સર્વ ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ**

**માલિક - પ્રકાશક - મુદ્રક - પ્રકાશન સ્થાન**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી શ્રી જગતભાઈ એચ. દવે** દ્વારા ધર્મેશ પ્રિન્ટોરીયમ, પ્રેસ, બી-૬, ૨૩ અને ૧૨-બી અગ્રવાલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, અગ્રવાલ આઈસ ફેક્ટરી કંમ્પાઉન્ડ, દુધેશ્વર, અમદાવાદમાં છપાવી બાજખેડાવાળ પત્રિકા નં.૧-૨, રામેશ્વર ફલેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ-૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭

(M) 9898535030, 9974127810